# PRAKASH R. JOSHI
Senior Consultant
09925019942

# DEEPAK P. JOSHI
Advocate
09879569942

## JOSHI BROTHERS ASSOCIATES
LABOUR LAW CONSULTANT
INDUSTRIALIST ASSOCIATION OF JAMNAGAR DISTRICT

:: REGISTERRED OFFICE ::
204 , Manek Centre , Pandit Nehru Marg ,
Opp. Income Tax Office , JAMNAGAR - 361008
Office Phone : (0288) 2677870, Mob. 08980455407
Email : prjoshi2677870@gmail.com

:: BRANCH OFFICE ::
101, Nilkanth Tower, Opp. IFFCO Main Gate,
GANDHIDHAM, DIST. KUTCHH
Mob. No. 09925019942
09879569942


### : અન્ય અગત્યના સુચનો તથા કાયદામાં આવેલ ફેરફારો :

૧. ભારત સરકાર તરફથી હાલમાં જ 'આત્મનિર્ભર ભારત રોઝગાર યોજના' **(ABRY)** લોન્ચ કરવામાં આવેલ છે. જે સ્કીમમાં નવા દાખલ થયેલ કર્મચારીઓ માટે કર્મચારીને પોર્ટલ પર રજીસ્ટર કર્યાના ૨(બે) વર્ષ સુધી કર્મચારીનો ફાળો(૧૨%) તથા સંસ્થાનો ફાળો (૧૨%) એમ કુલ ૨૪% સરકાર ભરશે. જે સ્કીમમાં નવા કર્મચારીઓની દાખલ કરવા માટેની અંતિમ તા.૩૦/૦૬/૨૦૨૧ છે.

૨. ગુજરાત સરકાર દ્વારા ફેક્ટરી એકટ ૧૯૪૮માં એપ્લીકેબીલીટી માટેની કામદારની લીમીટ ૯ થી વધારીને ૧૯ કરેલ છે. એટલે કે ફેક્ટરી એક્ટનો કાયદો ૧૯ કામદાર કરતા વધારે કામદારોને કામે રાખેલ હશે તો લાગુ પડશે.

૩. ધી કોન્ટ્રાકટ લેબર એકટ ૧૯૭૨(ગુજરાત રાજ્ય) તળે કોન્ટ્રાકટ લેબર લાયસન્સ લેવા માટેની કર્મચારીની જે લીમીટ ૧૦ હતી તે વધારીને ૫૦ કરવામાં આવેલ છે. આથી જે કોન્ટ્રાકટરે ૫૦ કરતા ઓછા કામદારો કામે રાખેલ હશે તેને કોન્ટ્રાકટ લેબર લાયસન્સ મેળવવામાંથી મુકિત આપેલ છે.

૪. સંસ્થા / ફેકટરીમાં નવા કર્મચારી દાખલ થાય ત્યારે તેનુ આધારા કાર્ડ, બેંક પાસબુકની નકલ તથા સાચી જન્મ તારીખ અમોને તાત્કાલીક મોકલી આપવા ફરજીયાત છે. ત્યાર બાદ પીએફમાં નવા કર્મચારીનું પીએફ ભરી શકાશે. ઊપરોકત નવા કર્મચારીઓની વિગત નહી આપવામાં આવે તો તે સંજોગોમાં તેવા કર્મચારીનું પીએફ ભરી શકાશે નહી.

૫. કર્મચારીની ઉમર ૫૮ વર્ષ પુર્ણ થાય એટલે (જન્મ તારીખના આધાર સાથે) તેની જાણ અમારી ઓફીસે તાત્કાલીક કરવી ફરજીયાત છે. તેમાં વિલંબ થયે તેવા કર્મચારીના પીએફની વધારાની રકમ માલિકે પીએફમાં જમા કરાવવી પડશે અને ત્યાર બાદ જ કર્મચારીને પીએફની રકમ મળી શકશે.

૬. કર્મચારીને તેની પીએફના ખાતાની વિગત નીચેની લીન્ક મારફત જેતે કર્મચારી પોતે **UAN** નંબર એકટીવેટ કરાવીને જાણી શકશે. **https://unifiedportal-mem.epfindia.gov.in/memberinterface/ ---> Activate Your UAN**

૭. પીએફ અને ઇ.એસ.આઇ. દરેક મહીનાની તારીખ ૧૫(પંદર) અથવા તે પહેલા ભરી દેવું જોઇએ. ૧૫ (પંદર) તારીખ બાદ પીએફ તથા ઇ.એસ.આઇ.નો ફાળો ભરવાથી ડીપાર્ટમેન્ટની ઓનલાઇન સીસ્ટમથી જે તે સંસ્થાને ડીફોલ્ટર તરીકે જાહેર કરી શકે છે અને વ્યાજ, દંડ તથા ઇન્સ્પેકશનનો સામનો કરવો પડી શકે છે. જે મહીનાનો પીએફનો ફાળો ૧૫ (પંદર) તારીખ બાદ ભરવામાં આવશે તે મહીનાનો **PMRPY** સ્કીમનો બેનીફીટ મળશે નહી.

૮. સંસ્થામાં કામ કરતા કોઇપણ કર્મચારીનો પગાર, પી.એફ. માટે રૂા.૧૫૦૦૦/- તથા ઇ.એસ.આઇ. માટે રૂા.૨૧૦૦૦/- કે તેનાથી ઓછો હશે તો તેવા કર્મચારીના પગારમાંથી પી.એફ. તથા ઇ.એસ.આઇ.ની કપાત કરવી ફરજીયાત છે. એટલે કે પીએફમાં પગારની લીમીટ રૂા.૧૫૦૦૦/- અને ઇ.એસ.આઇ.માં પગારની લીમીટ રૂા.૨૧૦૦૦/- છે.

૯. કોઇપણ નવા કર્મચારી સંસ્થામાં દાખલ થાય તેવા નવા દાખલ થયેલ કર્મચારીની દાખલ તારીખથી ૧૦(દશ) દિવસમાં તેનો ઇ.એસ.આઇ. નંબર જનરેટ કરવો ફરજીયાત હોય. માટે નવા કર્મચારીને દાખલ કરતી વખતે તેના તથા તેની ફેમીલીના આધાર કાર્ડ તથા કર્મચારીનો મોબાઇલ નંબર તથા બેંકની વિગત તાત્કાલીક અમોને મોકલાવી આપવી. જો ૧૦ દિવસ બાદ આવા કર્મચારીનો ઇ.એસ.આઇ. નંબર જનરેટ કરવામાં આવશે તો ઇ.એસ.આઇ.ડીપાર્ટમેન્ટ માલિક સામે આ અંગે ફોજદારી કાર્યવાહી કરી શકે છે.

૧૦. સંસ્થામાં દાખલ થયેલ નવા કર્મચારીનો ઇ.એસ.આઇ. નંબર લીધા પછી તેના નામમાં ફેરફાર થઇ શકશે નહિ.

### :: મીનીમમ વેજીસ અપડેટ ::

તા.૦૧/૦૪/૨૦૨૧ થી તા.૩૦/૦૯/૨૦૨૧ સુધીના સમય માટે ગુજરાત સરકારશ્રી તરફથી નકકી કરવામાં આવેલા લઘુતમ વેતનના દરો નીચે મુજબ છે.

**ZONE - I**

| Sr No. | Details | Basic | D.A. | Per Day |
|---|---|---|---|---|
| 1 | Skilled | 293.00 | 72.20 | 365.20 |
| 2 | Semi Skilled | 284.00 | 72.20 | 356.20 |
| 3 | Un Skilled | 276.00 | 72.20 | 348.20 |

**ZONE - II**

| Sr No. | Details | Basic | D.A. | Per Day |
|---|---|---|---|---|
| 1 | Skilled | 284.00 | 72.20 | 356.20 |
| 2 | Semi Skilled | 276.00 | 72.20 | 348.20 |
| 3 | Un Skilled | 268.00 | 72.20 | 340.20 |

મહાનગર પાલીકામાં આવતા તમામ વિસ્તારને ઝોન-૧ ના મીનીમમ વેજીસ લાગુ પડશે તથા તે સિવાયના વિસ્તારને ઝોન-૨ ના મીનીમમ વેજીસ લાગુ પડશે.